# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-01-2026** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતીકાલે લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 રજૂ કરશે.
2) SIR ઝુંબેશ હેઠળ મુસદ્દા યાદીમાં દાવાઓ અને વાંધાઓ રજૂ કરવા 14 લાખ 70 હજારથી વધુ ફોર્મ ભરાયા.
3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરતને 342 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપી
4) કચ્છના જળપ્લાવિત ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી-છારી ઢંઢ રાજ્યની પાંચમી રામસર સાઇટ જાહેર
5) એક કરોડ 18 લાખ રૂપિયાના આબકારી જકાત વટાવ કૌભાંડમાં અમદાવાદની વિશેષ CBI અદાલતે ત્રણ આરોપીને દોષિત ઠેરવ્યા
6) સોમનાથ ખાતે યોજાયેલી 19 વર્ષ વયજૂથના ભાઈઓની "રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધા"માં ગુજરાત વિજેતા બન્યું.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PRE BUDGET

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતીકાલે લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 રજૂ કરશે. ગુજરાત એક અગ્રણી ઔદ્યોગિક રાજ્ય હોવાને નાતે આ બજેટ પાસેથી વિશેષ આશાઓ સેવી રહ્યું છે. ગુજરાતના નાના-મોટા ઉદ્યોગકારો, હીરા અને ટેક્સટાઇલ ક્ષેત્રના અગ્રણીઓ તેમજ લાખો MSME એકમો આ વખતે કરમાં રાહત અને નવી પ્રોત્સાહક નીતિઓની રાહ જોઈ રહ્યા છે. ત્યારે જર્મ અને જ્વેલરી નિકાસ પ્રોત્સાહન પરિષદ ગુજરાતનાં અધ્યક્ષ જયંતિભાઈ સાવલિયાએ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : જયંતિ સાવલિયા, અધ્યક્ષ, GJEPC)

ભારતીય હીરા સંસ્થાના અધ્યક્ષ દિનેશ નાવડિયાએ હર્બલ ટેક્સમાં રાહત મળે તેવી અપેક્ષા વ્યક્ત કરી.

(બાઇટ : દિનેશ નાવડિયા, અધ્યક્ષ ભારતીય હીરા સંસ્થા)

. . . . . . . . . . . . .

# SIR

મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા- SIR ઝુંબેશ હેઠળ મુસદ્દા યાદીમાં દાવાઓ અને વાંધાઓ રજૂ કરવા 14 લાખ 70 હજાર 125 ફોર્મ ભરાયા. જેમાં ફોર્મ નંબર 6ની કુલ સંખ્યા 7 લાખ 25 હજાર 920 છે, ફોર્મ નંબર 7ની કુલ સંખ્યા એક લાખ 83 હજાર 235 છે

જ્યારે 5 લાખ 60 હજાર 970 જેટલા ફોર્મ નંબર 8 મળ્યા છે. ઉલ્લેખનીય છે ગઇકાલે વાંધા-દાવાઓ રજૂ કરવાની સમયમર્યાદા પૂર્ણ થઈ છે. મળેલા ફોર્મનો 10 ફેબ્રુઆરી સુધીમાં નિકાલ કરાશે.

. . . . . . . . . . . . .

# CM SURAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સુરત મહાનગરપાલિકાના 342 કરોડ રૂપિયાથી વધુના વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યા. કતારગામ ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન તેમણે રાજ્ય સરકારની જાહેર આવાસોના પુન:વિકાસ યોજના હેઠળ કતારગામ વિસ્તારમાં ગોટાલાવાડી ટેનામેન્ટના એક હજાર 304 પુનર્વિકાસ થયેલ આવાસોનું પણ લોકાર્પણ કર્યું. કાર્યક્રમ દરમિયાન તેમણે જણાવ્યું, કાપડ અને હીરા ઉદ્યોગની જેમ સુરતની નાગરિક સુવિધાઓ પણ શ્રેષ્ઠ રહે તે માટે રાજ્ય સરકાર કાર્યરત છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ , નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈ ઉપસ્થિત રહ્યા.

. . . . . . . . . . . . .

# CHHARI-DHANDH

કચ્છના જળપ્લાવિત ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી છે. છારી ઢંઢને રાજ્યની પાંચમી રામસર સાઇટ જાહેર કરવામાં આવી છે. આ અંગે વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું , રામસર સાઇટનો દરજ્જો મળવાથી પર્યાવરણ સંરક્ષણ,જૈવ વૈવિધ્યતા ,સ્થાનિક વિકાસ-પ્રવાસન અને વૈશ્વિક ઓળખ આ તમામ ક્ષેત્રોમાં સકારાત્મક પરિવર્તન આવશે. તેમણે ઉમેર્યું , દેશના કુલ જળપ્લાવિત ક્ષેત્રનો 21 ટકા વિસ્તાર ગુજરાતમાં છે.

(બાઇટ : અર્જુન મોઢવાડીયા, મંત્રી)

. . . . . . . . . . .

# GPSC BHARTI

ગુજરાત જાહેર સેવા આયોગ- GPSC દ્વારા 23 સંવર્ગમાં 279 જગ્યાઓની ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આ ભરતીમાં સ્પોર્ટ્સ ઓથોરિટી , ૯ મહાનગરપાલિકા, પાણી પુરવઠા, હાઉસિંગ બોર્ડ તથા રમતગમત યુવા સાંસ્કૃતિક વિભાગના વિવિધ પદોનો સમાવેશ થાય છે.

આયોગના સચિવ સુધીર પટેલે જણાવ્યું કે , આ ભરતી માટે 16 ફેબ્રુઆરી સુધી અરજી કરી શકાશે. તેમણે ઉમેર્યું , આ વખતે પ્રથમવાર કાઉન્સેલિંગ અને વન ટાઈમ રજીસ્ટ્રેશન ફરજિયાત બનાવાયું છે.

(બાઇટ : સુધીર પટેલ, સચિવ GPSC)

. . . . . . . . . . . . .

# PSI BHARTI

બિન હથિયારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટર ભરતી અંતર્ગત એક હજાર 23 ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે પસંદ કરાયા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે 5 થી 10 ફેબ્રુઆરી દરમિયાન ગાંધીનગર કરાઇ પોલીસ એકેડમી ખાતે દસ્તાવેજ ચકાસણી થશે. જેના માટે બીજી ફેબ્રુઆરીથી દસ્તાવેજ ચકાસણી માટેના કોલ લેટર ડાઉનલોડ કરી શકાશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા PSI ભરતી 2024-25 માટે 472 જગ્યાઓની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# CBI SPECIAL COURT

એક કરોડ 18 લાખ રૂપિયાના આબકારી જકાત વટાવ કૌભાંડમાં અમદાવાદની વિશેષ CBI અદાલતે ત્રણ આરોપીને દોષિત ઠેરવ્યા છે. અદાલતે ત્રણેય દોષિતોને છેતરપિંડી કરીને રિબેટનો લાભ લેવા બદલ ત્રણ વર્ષની કેદની સજા ફરમાવી છે. અદાલતે ફરાર સમીર ફતેહ મોહમ્મદ ઇમામુદ્દીન , તેજસ દેસાઈ અને અમિત ગુપ્તાને દોષિત ઠેરવી દરેકને 50 હજાર રૂપિયાનો દંડ પણ કર્યો છે.

CBI એ 20 ફેબ્રુઆરી , 2009ના રોજ મેસર્સ શ્રી સાઈ ઇમ્પેક્સ , સુરત, તેના સહયોગીઓ અને અન્ય અજાણ્યા વ્યક્તિઓ સામે ગુનાહિત ષડયંત્ર અને છેતરપિંડીના આરોપો બાદ કેસ નોંધ્યો હતો. આરોપીઓએ 51 રિબેટ અરજીઓના સમર્થનમાં ખોટા દસ્તાવેજો કરી એક કરોડ 18 લાખ 39 હજાર 833 રૂપિયાનું રિબેટ મેળવ્યું હતું.

. . . . . . . . . . . . .

# RENEWABLE ENERGY

દેશની નવીનીકરણીય ઊર્જામાં 16.50 ટકાના યોગદાન સાથે ગુજરાત દેશમાં અગ્રેસર બન્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે રાજ્યની કુલ નવીનીકરણીય ઊર્જા ક્ષમતા 42.583 ગીગાવૉટ , સુધી પહોંચી છે , જે ભારતની કુલ ક્ષમતામાં 16.50 ટકા ફાળો દર્શાવે છે.

સોલાર રૂફટોપ ઇન્સ્ટોલેશનમાં પણ ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે જેમાં 11 લાખ સોલાર રૂફટોપ સિસ્ટમોના માધ્યમથી 6 હજાર 400થી વધુ મેગાવૉટ ઊર્જા ઉત્પાદન થઇ રહ્યું છે. નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રમાં રાજ્યમાં થયેલા વિકાસથી અંદાજે 2 લાખ 37 હજાર પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીઓનું સર્જન થયું છે.

. . . . . . . . . . . . .

# MAHESANA - FSSAI

મહેસાણા જિલ્લામાં ખોરાક અને ઔષધ વિભાગ દ્વારા ઊંઝાની બે ફેક્ટરીઓમાં રેડ દરમિયાન શંકાસ્પદ 6 હજાર 198 કિલોગ્રામ જીરું અને 2 હજાર 638 કિલોગ્રામ વરિયાળીનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ ઉપરાંત જીરું અને વરિયાળીને ચમકદાર બનાવવા માટે વપરાતા સફેદ પાવડર સહિત ત્રણ નમૂના લઈ પરિક્ષણ માટે મોકલી આપ્યા હતા. ખોરાક અને ઔષધ વિભાગ દ્વારા સફેદ પાવડર અને કેમિકલ સહિત રૂપિયા 22 લાખ 50 હજારની કિંમતનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .

# NATIONAL HANDBALL

સોમનાથ ખાતે યોજાયેલી અંડર-19 ભાઈઓની "રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધા"માં ગુજરાત વિજેતા બન્યું. રાજ્યની ટીમે રાજસ્થાનને 31-24થી હરાવી 'ચેમ્પિયન'નો ખિતાબ પોતાને નામે કર્યો. સ્પર્ધા બાદ ધારાસભ્ય ભગવાન બારડે વિજેતા અને રનર્સઅપ ટીમને રોકડ પુરસ્કાર આપી બીરદાવી હતી. વિજેતા બન્યા બાદ ગુજરાતની ટીમના કપ્તાન ધ્રુવ જાદવે પ્રતિક્રિયા આપી.

(બાઇટ : ધ્રુવ જાદવ – કપ્તાન)

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર અને સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા SGFI દ્વારા 27 થી 31 જાન્યુઆરી દરમિયાન સદભાવના મેદાન ખાતે 69મી રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી.

. . . . . . . . . . . . .

# CRICKET-T20

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે તિરુવનંતપુરમ ખાતે પાંચમી અને અંતિમ ટી 20 આંતરરાષ્ટ્રીય મેચમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે.

ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો લીધો નિર્ણય

હાલ મળતા અહેવાલ મુજબ ભારતે 3 ઓવરમાં એક વિકેટ 31 રન બનાવ્યાં છે.

ભારતીય ટીમને બુધવારે વિશાખાપટ્ટનમ ખાતે ચોથી મેચમાં ન્યુઝીલેન્ડ સામે 50 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં, ભારતીય ટીમે પાંચ મેચની શ્રેણીમાં 3-1થી અજેય સરસાઈ મેળવી છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# RAILWAY-UPDATE

યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલ પ્રશાસન દ્વારા ભાવનગર –ઓખા–ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાં તાત્કાલિક ધોરણે એક થર્ડ એસી કોચ તથા ભાવનગર–સાબરમતી–ભાવનગર ઇન્ટરસિટી ટ્રેનમાં તાત્કાલિક ધોરણે 4 વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર –ઓખા–ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાં એક થર્ડ એસી કોચ અને ભાવનગર –સાબરમતી–ભાવનગર ઇન્ટરસિટી ટ્રેનમાં 4 જનરલ કોચ પહેલી થી 5 ફેબ્રુઆરીસુધી લગાડવવામાં આવશે.

તો બીજી તરફ મુસાફરોની સુવિધા અને સરળ ટ્રાફિક માટે , સાબરમતી બીજી રેલ્વે સ્ટેશન પર નવા પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા, પિકઅપ અને ડ્રોપ-ઓફ સુવિધાઓ ૧૫ એપ્રિલ સુધીમાં સ્થાપિત કરાશે.

. . . . . . . . . . . . .